**GUJARAT BILL NO. 26 OF 2026.**

# GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION (AMENDMENT) BILL, 2026.

*A BILL*

*further to amend the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972.*

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૬.**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૨૬.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.**

**સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨નો સુધારો.**

**૨.** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨ માં-
(૧) ખંડ (છ) પછી, નીચેના ખંડો દાખલ કરવા:-

“(છછ) “સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા” એટલે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર પાસેથી નાણાકીય સહાય અથવા અનુદાન (ગ્રાન્ટ-ઇન-એઇડ) મેળવતી હોય તેવી, ખાનગી સંચાલન(મંડળ)ની માલિકીની અને તેના દ્વારા સંચાલિત ઉચ્ચતર માધ્યમિક શાળા;

(છછછ) “સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા” એટલે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર પાસેથી નાણાકીય સહાય અથવા અનુદાન (ગ્રાન્ટ-ઇન-એઇડ) મેળવતી હોય તેવી, ખાનગી સંચાલન (મંડળ)ની માલિકીની અને તેના દ્વારા ચલાવાતી માધ્યમિક શાળા;”;

(૨) ખંડ (થથ) ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

“(થથ) “ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા” એટલે કેન્દ્ર સરકાર અથવા કોઇ રાજ્ય સરકારની માલિકીની ન હોય, તેના દ્વારા સંચાલિત ન હોય અથવા તેના દ્વારા પુરસ્કૃત ન હોય અને કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર પાસેથી કોઇ નાણાકીય સહાય મેળવતી ન હોય તેવી ઉચ્ચતર માધ્યમિક શાળા;”;

(૩) ખંડ (દ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

“(દ) “ખાનગી માધ્યમિક શાળા” એટલે કેન્દ્ર સરકાર અથવા કોઇ રાજ્ય સરકારની માલિકીની ન હોય, તેના દ્વારા સંચાલિત ન હોય અથવા તેના દ્વારા પુરસ્કૃત ન હોય અને કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર પાસેથી કોઇ નાણાકીય સહાય મેળવતી ન હોય તેવી માધ્યમિક શાળા;”;

(૪) ખંડ (ય) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

(યય) “સ્પેશલ એજ્યુકેટર (વિશેષ શિક્ષક)” એટલે જેણે ભારતીય પુનર્વસવાટ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૯૨ની કલમ ૩ હેઠળ રચાયેલી ભારતીય પુનર્વસવાટ કાઉન્સિલ દ્વારા મંજૂર કરેલ અભ્યાસક્રમ મારફત વિશેષ શિક્ષણમાં વિશેષ તાલીમ લીધેલી હોય અને ભારતીય પુનર્વસવાટ કાઉન્સિલ દ્વારા નિભાવાતા કેન્દ્રીય પુનર્વસવાટ રજિસ્ટરમાં રજિસ્ટર થયેલ હોય તેવી વ્યક્તિ; આવી વ્યક્તિ અશક્ત શીખાઉ (વ્યક્તિઓ)નું મૂલ્યાંકન કરવા, પ્રશિક્ષણ આપવા, સરળ કરવા અને માર્ગદર્શન આપવા માટે અને તેમના માટે વ્યક્તિમૂલક શૈક્ષણિક મધ્યસ્થીઓ અને સહાયો માટેની રૂપરેખા તૈયાર કરવા અને અમલ કરવા માટે લાયકાત ધરાવતી હોય છે.

**સન ૧૯૯૨નો ૩૪મો.**

**3.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩માં, પેટા-કલમ (૨)માં,- **સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયની કલમ ૩નો સુધારો.**

(૧) "વર્ગ ક-હોદ્દાની રૂએ સભ્યો" એ શીર્ષક હેઠળ, અનુક્રમાંક (૮) પરની નોંધ કમી કરવી;

(૨) "વર્ગ ખ-ચૂંટાયેલા સભ્યો" એ શીર્ષક હેઠળ,-

(ક) અનુક્રમાંક (૩) પરની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-
"(૩) ઉત્તર બુનિયાદી શાળાઓ અને સરકારી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી માધ્યમિક શાળાઓના શિક્ષકોએ, પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;";

(ખ) અનુક્રમાંક (૫) પરની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-
"(૫) રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળાઓ, રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગે (સ્ટાફે), પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;";

(ગ) અનુક્રમાંક (૬) પરની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-
"(૬) ઉત્તર બુનિયાદી શાળાઓ અને સરકારી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીવર્ગે (સ્ટાફે), પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;";

(ઘ) અનુક્રમાંક (૯) પરની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-
"(૯) રજિસ્ટર થયેલી માધ્યમિક શાળાઓના અને રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિએશનના પ્રમુખોએ, પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;";

(ચ) સ્પષ્ટીકરણ (૧)માં, "ખાનગી માધ્યમિક શાળા" એ શબ્દોને બદલે, "માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ" એ શબ્દો મૂકવા.

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં,-

(૧) ખંડ (૮)માં, "બોર્ડનો એવો અભિપ્રાય થાય કે રજિસ્ટર થયેલી કોઈ શાળાએ રજિસ્ટ્રેશનની કોઈપણ શરતનું પાલન કર્યું નથી અથવા તે રજિસ્ટર થયેલી શાળાનું સંચાલન શિક્ષણના હિતને પ્રતિકૂળ હોય તે રીતે કરવામાં આવે છે" એ શબ્દોને બદલે, "બોર્ડનો એવો અભિપ્રાય છે કે રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાએ રજિસ્ટ્રેશનની કોઈપણ **સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.**

શરતનું પાલન કર્યું નથી અથવા આવી શાળાનું સંચાલન, શિક્ષણના હિતને પ્રતિકૂળ હોય તે રીતે કરવામાં આવે છે” એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (૧૬)માં, “રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના” એ શબ્દોને બદલે, “રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા, રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના” એ શબ્દો મૂકવા;

(૩) ખંડ (૨૬)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

“(૨૬) રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળાઓ, રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો (હેડમાસ્ટર્સ), શિક્ષકો, સ્પેશલ એજ્યુકેટર્સ (વિશેષ શિક્ષકો) અને બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ (સ્ટાફ)ની નિમણૂક, બઢતી અને નોકરીની સમાપ્તિની શરતો અને વર્તણૂક અને શિસ્ત માટેના નિયમો ઠરાવવાની;”;

(૪) ખંડ (૪૨)માં, “રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના” એ શબ્દોને બદલે, “રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા, રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના” એ શબ્દો મૂકવા.

**સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩૩નો સુધારો.**

**૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૩માં, પેટા-કલમ (૧)માં, “રજિસ્ટર થયેલી કોઈ ખાનગી માધ્યમિક શાળાના અથવા રજિસ્ટર થયેલી કોઈ ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના” એ શબ્દોને બદલે, “રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના” એ શબ્દો મૂકવા.

**સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમના પ્રકરણ ૬ના શીર્ષકનો સુધારો.**

૬. મુખ્ય અધિનિયમમાં, પ્રકરણ ૬ના વિદ્યમાન શીર્ષકને બદલે, નીચેનું શીર્ષક મૂકવું:-

**"રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળાઓ, રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ-માં સેવાઓ સંબંધી જોગવાઈઓ.".**

**૭.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૪માં, -

**સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩૪નો સુધારો.**

(૧) પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

“(૧) રાજ્ય સરકારની, અમલમાં હોય તેવી અને વખતો વખત સુધારેલી અનામત નીતિ, રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ)ની તમામ ભરતીઓમાં લાગુ પડશે.”;

(૨) પેટા-કલમ (૨)માં, "પેટા-કલમ (૧)ને અધીન રહીને, બોર્ડ વિનિયમોથી રાજ્યમાંની રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય, શિક્ષકો અને બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ)ના સભ્યો તરીકે નીમવાની વ્યક્તિઓની ભરતી અને વર્તણૂક અને શિસ્ત સહિત તેમની સેવાની શરતોનું નિયમન કરશે" એ શબ્દોને બદલે, "બોર્ડ, વિનિયમોથી, રાજ્યમાંની રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળાઓ, રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો (હેડ માસ્ટર્સ), શિક્ષકો, સ્પેશલ એજ્યુકેટર્સ (વિશેષ શિક્ષકો) અને બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ) તરીકે નીમાયેલી વ્યક્તિઓની વર્તણૂક અને શિસ્ત સહિત તેમની સેવાની શરતોનું નિયમન કરશે" એ શબ્દો મૂકવા;

(૩) બીજા પરંતુકમાં, "તે શાળાના આચાર્ય (હેડ માસ્ટર), શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યો" એ શબ્દોને બદલે, "તે શાળાના આચાર્ય (હેડ માસ્ટર), શિક્ષકો, સ્પેશલ એજ્યુકેટર્સ (વિશેષ શિક્ષકો) અને બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ)ના સભ્યો" એ શબ્દો મૂકવા.

**૮.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૫ને બદલે, નીચેની કલમ મૂકવી: -

**સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩૫ બદલવા બાબત.**

**આચાર્યો (હેડ માસ્ટર્સ), શિક્ષકો, સ્પેશલ એજ્યુકેટર્સ (વિશેષ શિક્ષકો) અને બિન-શૈક્ષણિક સ્ટાફની લાયકાત, પસંદગીની કાર્યરીતિ અને પદ્ધતિ.**

"૩૫. (૧) રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા, રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો (હેડ માસ્ટર્સ), શિક્ષકો, સ્પેશલ એજ્યુકેટર્સ (વિશેષ શિક્ષકો) અને બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ)ની લાયકાત, રાજ્ય સરકાર નિયમોથી ઠરાવે તેવી રહેશે.

(૨) રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા અને રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો(હેડ માસ્ટર્સ), શિક્ષકો, સ્પેશલ એજ્યુકેટર્સ(વિશેષ શિક્ષકો) અને બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ)ની પસંદગીની કાર્યરીતિ અને પદ્ધતિ રાજ્ય સરકાર નિયમોથી ઠરાવે તેવી રહેશે.".

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩૬નો સુધારો.

**૯.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૬માં, -

(૧) પેટા-કલમ (૧)માં, “રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય (હેડ માસ્ટર), શિક્ષક, અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યક્તિને-” એ શબ્દોને બદલે, “રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય (હેડ માસ્ટર), શિક્ષક, સ્પેશલ એજ્યુકેટર(વિશેષ શિક્ષક) અથવા બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ)ના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યક્તિને-” એ શબ્દો અને કૌંસ મૂકવા.

(૨) પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી: -

“(૩) રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો(હેડ માસ્ટર્સ), શિક્ષક, સ્પેશલ એજ્યુકેટર (વિશેષ શિક્ષક) અથવા બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ)ના સભ્યની સામે કોઈ તપાસ અનિર્ણિત હોય અથવા તપાસ કરવા ધાર્યું હોય તો, શાળાનો સંચાલક(મેનેજર) તેને ફરજ-મોકૂફ કરે, ત્યારે આવી ફરજ-મોકૂફીની હકીકત અને તે માટેના કારણો સાથે તે હકીકત, બોર્ડે આ અર્થે અધિકૃત કરેલા અધિકારીને સંચાલકે(મેનેજરે) તરત જ જણાવવા જોઈશે અને આવી ફરજ મોકૂફી, એવા અધિકારીને આ અંગેની જાણકારી મળ્યાની તારીખથી પિસ્તાળીસ દિવસની મુદતની અંદર સદરહુ અધિકારીની બહાલીને અધીન રહેશે અને તેવા અધિકારી માટે, જાણકારી મળ્યેથી નિર્ણય લેવો ફરજિયાત રહેશે.”;

(૩) પેટા-કલમ (૪)માં, “રજિસ્ટર થયેલા ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય(હેડ માસ્ટર), શિક્ષક

અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય" એ શબ્દોને બદલે, "રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય (હેડ માસ્ટર), શિક્ષક, સ્પેશલ એજ્યુકેટર (વિશેષ શિક્ષક) અથવા બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ)ના સભ્ય" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩૭નો સુધારો.

**૧૦.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૭માં, "રજિસ્ટર થયેલી કોઇ ખાનગી માધ્યમિક શાળા અને એવી શાળામાંના આચાર્ય(હેડ માસ્ટર), શિક્ષક તરીકે સેવા બજાવતી હોય તેવી કોઇ વ્યક્તિ વચ્ચે નિયત દિવસ પહેલાં અથવા તે પછી કરવામાં આવેલો દરેક કરાર," એ શબ્દોને બદલે, "રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા અને એવી શાળામાંના આચાર્ય(હેડ માસ્ટર), શિક્ષક, સ્પેશલ એજ્યુકેટર (વિશેષ શિક્ષક) તરીકે સેવા બજાવતી હોય તેવી કોઇ વ્યક્તિ વચ્ચે નિયત દિવસ પહેલાં અથવા તે પછી કરવામાં આવેલો દરેક કરાર," એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૪૧નો સુધારો.

**૧૧.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૧માં,-

(૧) પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૧) રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના કોઇ સંચાલક(મેનેજર), આચાર્ય(હેડ માસ્ટર)ની નિમણૂક કરશે નહિ અને એવી શાળાના કોઇ સંચાલક અથવા આચાર્ય(હેડ માસ્ટર), કલમ ૩૫માં જોગવાઇ કરેલી રીતે હોય તે સિવાય શાળાના કોઇ શિક્ષક, સ્પેશલ એજ્યુકેટર (વિશેષ શિક્ષક) અથવા બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગના સભ્યની નિમણૂક કરશે નહિ.";

(૨) પેટા-કલમ (૨)માં, "એક હજાર રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ લાખ રૂપિયા" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૪૨નો સુધારો.

**૧૨.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૨ માં, "દોષિત ઠર્યેથી, એક લાખ રૂપિયા કરતાં ઓછા ન હોય તેટલાં દંડની શિક્ષા થશે અને એવો દંડ બે લાખ રૂપિયા સુધી વધારી શકાશે" એ શબ્દોને બદલે, "દોષિત ઠર્યેથી, ઓછામાં ઓછી એક વર્ષની પરંતુ વધુમાં વધુ બે વર્ષની મુદત સુધીની કેદની અથવા ઓછામાં ઓછા દસ લાખ રૂપિયા પરંતુ વધુમાં વધુ પંદર લાખ રૂપિયાના દંડની અથવા તે બન્નેની શિક્ષા થશે" એ શબ્દો મૂકવા;

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૪૪નો સુધારો.

**13.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૪માં,-

(૧) પેટા-કલમ (૧)માં, "રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના કોઇપણ સંચાલકથી" એ શબ્દોને બદલે, "રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના કોઇપણ સંચાલકથી" એ શબ્દો મૂકવા;

(૨) પેટા-કલમ (૨)માં, "એક હજાર રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ લાખ રૂપિયા" એ શબ્દો મૂકવા.

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, ગુજરાત રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું નિયમન કરવા અને તે હેતુ માટે બોર્ડની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ અધિનિયમિત કર્યો છે. બોર્ડ, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા એ બન્ને માટે પ્રમાણપત્ર પરીક્ષાઓનું આયોજન કરે છે. બોર્ડ, રાજ્યમાં નવી શાળા ખોલવા માટે પરવાનગી આપે છે તેમજ શાળાઓનું રજિસ્ટ્રેશન કરે છે.

એક કલ્યાણકારી રાજ્ય તરીકે, ખાસ કરીને દિવ્યાંગ વિદ્યાર્થીઓને અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં ગેરલાભ ન થાય અને તેમને શિક્ષણના ક્ષેત્રમાં યોગ્ય અને પૂરતી તકો આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા, સ્પેશલ એજ્યુકેટર (વિશેષ શિક્ષકો)ની નિમણૂક અને તેમના વહીવટી નિયંત્રણોનું નિયમન કરવું જરૂરી છે.

વધુમાં, સરકાર સહાયિત ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અધિનિયમના કાર્યક્ષેત્રમાં લાવવા માટે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨માં સુધારો કરવો જરૂરી છે.

નોંધણી(રજિસ્ટ્રેશન) કરાવ્યા વિના શાળા મારફત માધ્યમિક શિક્ષણ અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવા અને સદરહુ અધિનિયમ દ્વારા ફરમાવ્યા પ્રમાણે, નોટિસ આપ્યા વિના શાળા બંધ કરવા જેવી પ્રવૃત્તિઓ પર વધુ અસરકારક નિયંત્રણ રાખવા માટે દંડની રકમ વધારવી પણ જરૂરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**ડો. પ્રદ્યુમન વાજા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ(૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૮.-** (૧) આ કલમથી બદલવા ધારેલી કલમ ૩૫ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા, રજિસ્ટર

થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો, શિક્ષકો, સ્પેશલ એજ્યુકેટર (વિશેષ શિક્ષકો) અને બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ)ની લાયકાત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમથી બદલવા ધારેલી કલમ ૩૫ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી માધ્યમિક શાળા અને રજિસ્ટર થયેલી સરકાર સહાયિત ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો, શિક્ષકો, સ્પેશલ એજ્યુકેટર (વિશેષ શિક્ષકો) અને બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ(સ્ટાફ)ની પસંદગીની કાર્યરીતિ અને પદ્ધતિ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ. ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૬. **ડો. પ્રદ્યુમન વાજા.**

## પુરવણી

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા) માંથી ઉતારા.

---

**૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો :- **વ્યાખ્યા.**

(ક) થી (થ) xxx xxx xxx

(થથ) "ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા" એટલે કેન્દ્ર અથવા રાજ્ય સરકારની માલિકીની, તેના દ્વારા ચલાવાતી અથવા તેના દ્વારા પુરસ્કૃત ન હોય તેવી ઉચ્ચતર માધ્યમિક શાળા;

(દ) "ખાનગી માધ્યમિક શાળા" એટલે જે કોઈ માધ્યમિક શાળા કેન્દ્ર અથવા રાજ્ય સરકારની માલિકીની ન હોય જેનો વહીવટ કેન્દ્ર અથવા રાજ્ય સરકાર કરતી ન હોય અથવા જે કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ન હોય તે માધ્યમિક શાળા;

(ધ) થી (કક) xxx xxx xxx

**3.** (૧) xxx xxx xxx **બોર્ડની રચના અને સંસ્થાપન.**

(૨) બોર્ડ, રાજ્ય સરકાર નીમે તે અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષનું અને નીચેના સભ્યોનું બનશે.

### વર્ગ-ક હોદ્દાની રૂએ સભ્યો.

(૧) થી (૭) xxx xxx xxx

(૮) પરીક્ષા નિયામક, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ;

(૯) xxx xxx xxx

પરંતુ ઉપર જણાવેલા હોદ્દાઓ પૈકી કોઈ હોદ્દાવાળી જગા ન હોય, તો રાજ્ય સરકાર, તત્સમાન જગા ધરાવતા જે અધિકારી સામાન્ય રીતે એવી જગાને લગતી બાબત અંગે કામગીરી કરતા હોય તે અધિકારીને નિર્દેશી શકશે.

## વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યો

(૧) અને (૨) xxx xxx xxx

(૩) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોએ, પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

(૪) xxx xxx xxx

(૫) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ-ના બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ (સ્ટાફ)એ, પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

(૬) રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીવર્ગ (સ્ટાફ)એ, પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

(૭) અને (૮) xxx xxx xxx

(૯) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ-ના વાલીઓના એસોસિએશનના પ્રમુખોએ, પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય.

**સ્પષ્ટીકરણ.-** આ ખંડમાં,-

> (૧) રજિસ્ટર થયેલી કોઈ ખાનગી માધ્યમિક શાળાના સંબંધમાં "વાલીઓનું એસોસિએશન" એટલે નિયત દિવસ પહેલાં અથવા તે પછી, તે શાળાના હેડમાસ્તર- એ રચેલું અને માન્ય કરેલું તે શાળાના વિદ્યાર્થીઓના માતાપિતા અને વાલીઓનું એસોસિએશન.
>
> (૨) xxx xxx xxx

(૧૦) xxx xxx xxx

વધુમાં, કોઈ વ્યક્તિ, રજિસ્ટર થયેલી શાળાના આચાર્ય અથવા શિક્ષક તરીકે અથવા માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અથવા સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજના પ્રિન્સિપાલ તરીકે અથવા રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન-શૈક્ષણિક સ્ટાફ અથવા રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે અથવા રજિસ્ટર થયેલી શાળાઓના સંચાલકોના પ્રતિનિધિ તરીકે અથવા વાલીઓના એસોસિએશનના પ્રમુખ

અથવા યથાપ્રસંગ, ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે હોતી બંધ થાય, તો તે વ્યક્તિ, બોર્ડના સભ્ય તરીકે હોદ્દો ધરાવતી બંધ થશે.

**૧૭.** આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડની સત્તા અને ફરજો નીચે પ્રમાણે રહેશેઃ- **બોર્ડની સત્તા અને ફરજો.**

(૧) થી (૭) xxx xxx xxx

(૮) શાળાના સંચાલકોને સુનાવણીની યોગ્ય તક આપ્યા પછી બોર્ડનો એવો અભિપ્રાય થાય કે રજિસ્ટર થયેલી કોઈ શાળાને રજિસ્ટ્રેશનની કોઈપણ શરતનું પાલન કર્યું નથી અથવા તે રજિસ્ટર થયેલી શાળાનું સંચાલન શિક્ષણના હિતને પ્રતિકૂળ હોય તે રીતે કરવામાં આવે છે અથવા માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં શૈક્ષણિક ધોરણ જળવાય તે માટે બોર્ડે કરેલાં સૂચનોનો અમલ તેણે કર્યો નથી તો તેની નિભાવ ગ્રાન્ટમાં કાપ મૂકવાની રાજ્ય સરકારને ભલામણ કરવાની;

(૯) થી (૧૫) xxx xxx xxx

(૧૬) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો અને શિક્ષકોની શૈક્ષણિક કામગીરી અને વર્તણૂક ઉપર યોગ્ય અને અસરકારક નિયંત્રણ રાખવાની અને એવી શાળાના સંચાલકોને માટે સૂચનો આપવાની;

(૧૭) થી (૨૫) xxx xxx xxx

(૨૬) લાયકાતો, પસંદગીની પદ્ધતિ અને નિમણૂક અને બઢતી, સેવાની સમાપ્તિની શરતો અને રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્ય અને શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની વર્તણૂક અને શિસ્ત માટેના નિયમો નક્કી કરવાની;

(૨૭) થી (૪૧) xxx xxx xxx

(૪૨) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના સંબંધમાં કલમ ૪૪ હેઠળ નોટિસ મળ્યેથી, રજિસ્ટર થયેલી કોઇ વિદ્યમાન શાળાના સંચાલકોને બંધ કરવા ધારેલી શાળા ચાલુ કામગીરી બજાવતી રહે તે માટે જરૂરી લાગે તેવાં પગલાં લેવાને ઉત્તેજન આપવાની અથવા તેના હેતુ માટે નવું સંચાલક મંડળ રચવા માટે પ્રોત્સાહન આપવાની;

(૪૩) થી (૪૬)    xxx    xxx    xxx

**રજિસ્ટર થયેલી શાળાઓનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવા બાબત.**

**33.** (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકારને એમ લાગે કે રજિસ્ટર થયેલી કોઇ ખાનગી માધ્યમિક શાળાના અથવા રજિસ્ટર થયેલી કોઇ ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના સંચાલકે આ અધિનિયમ અથવા વિનિયમો હેઠળ તેના ઉપર મૂકવામાં આવેલી કોઇપણ ફરજનું પાલન કરવામાં બેદરકારી બતાવી છે અને તે શાળાનો વહીવટ પોતાને હસ્તક લઇ લેવો તે જાહેર હિતમાં જરૂરી છે, તો રાજ્ય સરકાર એવી શાળાના સંચાલકને સૂચિત પગલાં સામે કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા પછી અને તેણે કોઇ કારણ દર્શાવ્યું હોય, તો તેને વિચારણામાં લીધા પછી, રાજ્ય સરકાર, વખતોવખત પોતે નક્કી કરે તેટલી મુદત સુધી શાળાનો વહીવટ પોતાને હસ્તક લઇ શકશે, પરંતુ તેવી મુદત એકંદર પાંચ વર્ષથી વધુ હોવી જાઇશે નહિ.

(૨) થી (૭)  xxx    xxx    xxx

## પ્રકરણ ૬

## રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં સેવા સંબંધી જોગવાઇઓ

**રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળામાં અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળામાં નીમેલી વ્યકિતઓની ભરતી અને તેમની સેવાની શરતો.**

**૩૪.** (૧) રજિસ્ટર થયેલી કોઇ ખાનગી માધ્યમિક શાળાના અને રજિસ્ટર થયેલી કોઇ ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફની જગાઓમાંથી પંદર ટકા જેટલી જગાઓ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યકિતઓમાંથી ભરવાની રહેશેઃ

પરંતુ આવી કોઇ જગા ભરવા માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની કોઇ વ્યકિત મળતી ન હોય, ત્યારે તે જગા આ અધિનિયમમાં અન્યથા જોગવાઇ કરી હોય તે રીતે ભરવી જોઇશે.

**સ્પષ્ટીકરણ** - આ પેટા-કલમમાં,-

(ક) ‘‘અનુસૂચિત જાતિઓ’’ એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૧ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત જાતિઓ તરીકે ગણાતી હોય, તે જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓ અથવા આવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓના ભાગો અથવા તેમની અંદરના જૂથો.

(ખ) ‘‘અનુસૂચિત આદિજાતિઓ’’ એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાતી હોય, તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ સમુદાય અથવા એવી આદિજાતિઓ અથવા આદિજાતિ સમુદાયના ભાગો અથવા તેમની અંદરના જૂથો.

(૨) પેટા-કલમ (૧)ને અધીન રહીને, બોર્ડ વિનિયમોથી રાજ્યમાંની રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય, શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યો તરીકે નીમવાની વ્યકિતઓની ભરતી અને વર્તણૂક અને શિસ્ત સહિત તેમની સેવાની શરતોનું નિયમન કરશેઃ

પરંતુ બાંયધરી આપેલા સ્ટાફને નિયત તારીખની તરત જ પહેલાં લાગુ પડતી સેવાની શરતોમાં રાજ્ય સરકારની પૂર્વમંજૂરી સિવાય તેમને ગેરલાભ થાય તે રીતે ફેરફાર કરી શકશે નહીંઃ

વધુમાં ઉત્તર બુનિયાદી શિક્ષણ આપતી રજિસ્ટર થયેલી કોઇ ખાનગી માધ્યમિક શાળા, અથવા રજિસ્ટર થયેલી કોઇ ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા બોર્ડની પૂર્વમંજૂરીથી ઉત્તર બુનિયાદી શિક્ષણના મૂળભૂત પ્રકાર અને વિચાર સાથે સુસંગત હોય

અને તે શાળાના આચાર્ય, શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યો તરીકે નિમાયેલી વ્યકિતઓની સેવાની શરતોનું નિયમન કરવા માટે બોર્ડે કરેલા વિનિયમો સાથે અસંગત ન હોય તેવા વધુ વિનિયમો કરે, તો તે કાયદેસર ગણાશે.

**શિક્ષકો અને હેડમાસ્ટર્સ વગેરેની પસંદગી.**

**૩૫.** રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો અને આચાર્ય (હેડમાસ્ટર્સ)ની પસંદગી માટેની કાર્યરીતિ, રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયમોથી જાહેર કરવામાં આવે તેવી રહેશે.

**અમુક વ્યકિતઓની બરતરફી, પદચ્યુતિ અને પાયરી ઉતાર.**

**૩૬.** (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યકિતને-

(ક) તેના સંબંધમાં લેવા ધારેલા પગલાં સામે કારણ દર્શાવવાની વાજબી તક સંચાલકે આપી ન હોય ત્યાં સુધી, અને

(ખ) બોર્ડે આ માટે અધિકૃત કરેલા અધિકારીએ તેના સંબંધમાં લેવા ધારેલા પગલાંની લેખિત બહાલી આપી ન હોય ત્યાં સુધી

સંચાલકથી બરતરફ અથવા પદચ્યુત કરી શકાશે નહિ અથવા નીચેની પાયરીમાં ઉતારી શકાશે નહિ અથવા સંચાલક દ્વારા તેની સેવા અન્યથા સમાપ્ત કરી શકાશે નહિઃ

પરંતુ આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર જેને હંગામી મુદત માટે નીમવામાં આવે તેવી કોઈ વ્યક્તિને લાગુ પડશે નહિ.

(૨) xxx xxx xxx

(૩) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યની સામે કરવા ધારેલી કોઈ તપાસ અનિર્ણિત હોય ત્યાં સુધી, શાળાના સંચાલક તેને ફરજમાંથી મોકૂફ રાખે, ત્યારે એવી ફરજ મોકૂફીની હકીકત અને તે માટેના કારણો બોર્ડે આ માટે અધિકૃત કરેલા અધિકારીને સંચાલકે તરત જણાવવાં જોઈશે અને એવા અધિકારીને આ અંગેની જાણ કરવામાં આવે તે તારીખથી પિસ્તાલીસ દિવસની મુદતની અંદર એવા અધિકારીએ આવી ફરજ મોકૂફીને બહાલી આપવાની રહેશે અને સદરહુ અધિકારી એવી બહાલી સદરહુ મુદતની અંદર સંચાલકને જણાવે નહિ, તો સંબંધિત ફરજ મોકૂફી, એવી મુદત પૂરી થયે, અમલમાં ચાલુ રહેતી બંધ થશે.

(૪) રજિસ્ટર થયેલા ખાનગી માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય પોતાનું રાજીનામું આપવા માંગે, તો તેણે પોતાનું રાજીનામું સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને આપવું જાઈશે અને રાજીનામું એવી રીતે આપવામાં આવ્યું

હોય અને એવા અધિકારીએ યોગ્ય રીતે શેરો કરીને તેને મોકલાવ્યું હોય તે સિવાય સંચાલકે રાજીનામું સ્વીકારવું નહિ. આ પેટા-કલમનું ઉલ્લંઘન કરીને આપવામાં આવેલું આવું કોઈ રાજીનામું સ્વીકારવામાં આવે, તો તે બિનઅમલી ગણાશે.

(૫) xxx xxx xxx

**અમુક કરારો રદ બાતલ ગણાશે.**

**૩૭.** રજિસ્ટર થયેલી કોઈ ખાનગી માધ્યમિક શાળા અને એવી શાળામાંના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે સેવા બજાવતી હોય તેવી કોઈ વ્યકિત વચ્ચે નિયત દિવસ પહેલાં અથવા તે પછી કરવામાં આવેલો દરેક કરાર, જેટલે અંશે આ અધિનિયમની રૂએ, અથવા તે હેઠળ તે વ્યકિતને મળેલો કોઈ હક લઈ લેતો હોય તેટલે અંશે, તે કરાર રદબાતલ ગણાશે.

**નિમણૂક સામે પ્રતિબંધ.**

**૪૧.** (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના કોઈ સંચાલકથી આચાર્યની નિમણૂક કરી શકાશે નહિ અને એવી શાળાના કોઈ સંચાલક અથવા આચાર્યની કલમ ૩૫માં જોગવાઈ કર્યા પ્રમાણે હોય તે સિવાયના કોઈ શિક્ષકની નિમણૂક કરી શકાશે નહિ.

(૨) જે કોઈ વ્યકિત, પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે વ્યકિતને, દોષિત ઠર્યેથી, એક હજાર રૂપિયા સુધીની દંડની શિક્ષા થશે.

**અમુક જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા માટે શિક્ષા.**

**૪૨.** જે કોઈ વ્યકિત, કલમ ૩૧ની પેટા-કલમ (૧)ની જાગવાઈઓનું ઉલ્લંઘન કરે, તો દોષિત ઠર્યેથી, એક લાખ રૂપિયા કરતાં ઓછા ન હોય તેટલાં દંડની શિક્ષા થશે અને એવો દંડ બે લાખ રૂપિયા સુધી વધારી શકાશે.

**શાળા બંધ કરવા સામે પ્રતિબંધ.**

**૪૪.** (૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના કોઈપણ સંચાલકથી શૈક્ષણિક વર્ષ દરમિયાન કોઈપણ સમયે અને જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યું હોય તે તારીખથી ઓછામાં ઓછા છ મહિના અગાઉ તેમ કરવાના પોતાના ઈરાદાથી બોર્ડને લેખિત નોટિસ આપ્યા વિના તે શાળા બંધ કરી શકાશે નહિ.

(૨) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે વ્યકિતને દોષિત ઠર્યેથી, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૬.]**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત વિધેયક .

[ **ડૉ. પ્રદ્યુમન વાજા**,

**શિક્ષણ મંત્રીશ્રી**]

**(સન ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની ૩જી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ચેતન પંડ્યા**,
સચિવ,
ગુજરાત વિધાનસભા.